BAOU
Education for All
Dr. Babasaheb Ambedkar
Open University
(Established by Government of Gujarat)
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
BAOU CATEGORY 1 UNIVERSITY GRADED AUTONOMY UGC

# રાજયપાલની અધ્યક્ષતામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો ૧૧મો પદવીદાન સમારોહ સંપન્ન

**આજે શિક્ષણ સહિતનાં વિવિધ ક્ષેત્રે દીકરીઓ તમામ રેકોર્ડ તોડી રહી છે, જે સ્ત્રી સશક્તીકરણનું ઉત્તમ ઉદાહરણ છે, ડૉ.બાબાસાહેબ આંબેડકરે હરહંમેશ સમાનતા પર ભાર મૂક્યો, રાજયપાલશ્રીના હસ્તે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ કિશોર મકવાણાને 'ડૉ. બાબાસાહેબ આંબેડકર સમરસતા પુરસ્કાર' એનાયત, ઉત્કૃષ્ઠ દેખાવ કરનારા વિદ્યાર્થીઓને સુવર્ણ તેમજ રજત ચંદ્રક અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા, કુલ ૨૨,૭૭૦ વિદ્યાર્થીઓને પદવી અપાઈ**





**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૭

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો ૧૧મો પદવીદાન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે રાજયપાલશ્રીએ કહ્યું કે, આ સંસ્થા એવા વિદ્યાર્થીઓ માટે આશાનું કિરણ છે, જેઓ વિષમ પરિસ્થિતિઓને કારણે શિક્ષણથી વંચિત રહી ગયા હોય. આ માટે તેમણે કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાય અને તેમની ટીમને યુનિવર્સિટીના સફળ સંચાલન અને સંસ્થાની પ્રગતિ માટે અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના સંઘર્ષોને યાદ કરતાં સામાજિક સમાનતા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, વેદો અને શાસ્ત્રોમાં ક્યાંય જાતિવાદ કે ભેદભાવનો ઉલ્લેખ નથી, પરંતુ મધ્યકાળમાં ખોટી વ્યાખ્યાઓ દ્વારા સમાજમાં દીવાલો ઊભી કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે, સાચો મનુષ્ય એ જ છે જે બીજાના દુ:ખને સમજી શકે. રાજયપાલશ્રીએ અનુસૂચિત જાતિ અને જનજાતિના પરિવારો સાથે ભોજન લઈને સામાજિક સમરસતા વધારવાના પોતાના અનુભવો વિશે પણ વિગતવાર વાત કરી હતી. યુવાનોને પ્રેરણા આપતા તેમણે જણાવ્યું કે, માત્ર ડિગ્રી મેળવવી એ જ પૂરતું નથી, પરંતુ સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવી પણ અનિવાર્ય છે. તેમણે વિદ્યાર્થીઓને પર્યાવરણ રક્ષણ, જળ સંરક્ષણ, ગૌ-સેવા અને પ્રાકૃતિક ખેતી જેવાં અભિયાનોમાં જોડાવા અનુરોધ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે યુવાનોને નવાં સંશોધનો અને સ્ટાર્ટઅપ દ્વારા રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા.

તેમણે ઉમેર્યું કે, ગાર્ગી, મૈત્રેયી, લોપામુદ્રા જેવી વિદ્વાન નારીઓ આપણા દેશમાં જન્મી હોવા છતાં, મધ્યકાલીન સમયમાં ખોટી વ્યાખ્યાઓના કારણે આપણા દેશમાં સ્ત્રીશિક્ષણનો વિરોધ પણ થયો હતો. પરંતુ, આજે દેશ સમરસતા અને સમાનતાની દિશામાં નવા આયામો સર્જી રહ્યો છે. ત્યારે શિક્ષણ સહિતનાં વિવિધ ક્ષેત્રે દીકરીઓ તમામ રેકોર્ડ તોડી રહી છે, જે સ્ત્રી સશક્તીકરણનું ઉત્તમ ઉદાહરણ છે. ન્યાયતંત્રથી લઈને સંરક્ષણ ક્ષેત્ર સુધી દીકરીઓ પોતાની પ્રતિભા સાબિત કરી રહી છે. અંતમાં, તેમણે તમામ પદવીધારકોને દેશની એકતા અને અખંડિતતા માટે કામ કરવા અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ અવસરે રાજયપાલશ્રીના હસ્તે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ કિશોર મકવાણાને 'ડૉ. બાબાસાહેબ આંબેડકર સમરસતા પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત યુનિવર્સિટીના નવા અભ્યાસક્રમો અને 'પદ્મ' પોડકાસ્ટનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ કિશોર મકવાણાએ ગૌરવભેર જણાવ્યું કે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી એ તેમના માટે પોતાના ઘરઆંગણા જેવી સંસ્થા છે, જ્યાં સન્માનિત થયાનું ગૌરવ વ્યક્ત કર્યું હતું. તેમણે રાજયપાલશ્રીના હસ્તે આ સન્માન મેળવવા અંગે કહ્યું કે જેમનું સમગ્ર જીવન સમરસતાનું અનેરું ઉદાહરણ છે, તેમના હાથે આ ગૌરવ પ્રાપ્ત કરવું એ વિશિષ્ટ ક્ષણ છે. આ તકે સર્વોચ્ચ ન્યાયાલયના પૂર્વ ન્યાયાધીશ સુશ્રી બેલા ત્રિવેદીએ જણાવ્યું કે, આજના પદવીદાન સમારોહમાં મને ઉપસ્થિત રહેવાનો અવસર મળ્યો તે આનંદ અને ગૌરવપૂર્ણ ક્ષણ છે. તેમણે ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓને અભિનંદન સહ ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓની આંતરિક શક્તિને ખીલવવાની તક આપી યુનિવર્સિટીની સમગ્ર ટીમને પણ અભિનંદન આપ્યા હતા.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ પ્રા. અમી ઉપાધ્યાયે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. આ ઉપરાંત, યુનિવર્સિટી દ્વારા થતી શૈક્ષણિક પ્રવૃતિઓ અને ઉપલબ્ધિઓ વિશે માહિતગાર કર્યા હતા.

૧૧મા પદવીદાન સમારોહમાં કુલ ૨૨,૭૭૦ વિદ્યાર્થીઓને વિવિધ પદવીઓ એનાયત કરવામાં આવી હતી. જેમાં Ph.D. પદવી ઉપરાંત ૧૨,૦૦૮ સ્નાતક, ૫૬૩૬ અનુસ્નાતક, ૩૦ પીજી ડિપ્લોમા, ૧૦૪૧ ડિપ્લોમા અને ૪૦૫૪ સર્ટિફિકેટ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, યુનિવર્સિટીમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં ૩૭ સુવર્ણ ચંદ્રક, ૪૦ રજત ચંદ્રક અને ૪૧ સર્ટિફિકેટ મળીને કુલ ૧૧૮ પુરસ્કારનો સમાવેશ થાય છે.

આ પદવીદાન સમારોહમાં વિવિધ યુનિવર્સિટીના કુલપતિઓ, પ્રાધ્યાપકો, પદવી મેળવનારા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર સમાચાર તારીખ : 07/05/2026